દાખલ તારીખ : ૨૩/૦૭/૨૦૨૪
નોંધ્યા તારીખ : ૨૩/૦૭/૨૦૨૪
ફેસલ તારીખ : ૨૭/૦૭/૨૦૨૬
સમય ગાળો : વર્ષ–માસ–દિવસ
૦૨ – ૦૦ – ૦૪

**************************************************

**મે.એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ(એમ.એમ.શુકલ) સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : સમી**

**************************************************

**ક્રિમીનલ કેસ નંબર : ૪૪૫/૨૦૨૪**
**આંક : – ૨૬**

**ફરીયાદી : –** શ્રી સરકાર

**– : : વિરૂધ્ધ : : –**

**આરોપી : –** ઉમારામ હનુમાનરામ સારણ(જાટ),ઉ.વ.૨૩,
રહે : નેતરાડ, તા.ચોહટન, જી.બાડમેર,રાજય.રાજસ્થાન.

**ગુનો :– ઈ.પી.કો.કલમ–૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા**
**એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ**

// ફરીયાદ પક્ષ તરફે :– વિ. એ.પી.પી.શ્રી એમ.જી.કોરોટ //
// આરોપી પક્ષ તરફે : – વિ.વ.શ્રી વી.ડી.ઠાકોર //

**– : : ઠ રા વ : : –**

(૧) હાલના કામે ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોમતદારે પોતાની ટ્રક નં.જી.જે.બી.ડબલ્યુ.૩૬૧૫ ના ચાલકે પોતાની ટ્રક

પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ફરીયાદીના માતા નાડોદા કુવરબેનને કપાળના ભાગે તથા કમરના ભાગે ગંભીર ઈજાઓ કરી ટકકર મારી મોત નિપજાવી પો.સ્ટે. ખબર નહી આપી ગુનો કરી, ઇ.પી.કો.કલમ-૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો સજાને પાત્ર ગુના કરેલ છે.

(૨) આ કામે ચાર્જશીટ રજુ થયા બાદ આ કામના આરોપીને સમન્સ કાઢવામાં આવતા, આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા તેમને સી.આર.પી.સી.ની કલમ-૨૦૭ અન્વયે તેની સામેના કેસના પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલ અને આંક-૦૩ થી આરોપીનું નિવેદન નોંધવામાં આવતા, આરોપીએ ગુનો કર્યાનો ઈનકાર કરતા, ફરીયાદ પક્ષ તરફે પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

## – : : મૌખિક પુરાવા : : –

| ક્રમ નં. | મૌખિક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી અશોકભાઈ લક્ષ્મણભાઈની જુબાની | ૧૭ |
| ૨ | સાહેદ લક્ષ્મણભાઈ રામસંગભાઈ નાડોદાની જુબાની | ૧૯ |
| ૩ | સાહેદ જલાભાઈ લક્ષ્મણભાઈની જુબાની | ૨૦ |
| ૪ | સાહેદ લીલાબેન બચુભાઈની જુબાની | ૨૧ |

## – : : દસ્તાવેજી પુરાવાઓ : : –

| ક્રમ નં. | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૮ |
| ૨ | મરણોત્તર પંચનામું | ૨૨ |
| ૩ | બનાવાળી જગ્યાનું પંચનામું | ૨૩ |
| ૪ | શબ પરીક્ષણને લગતી યાદી | ૨૪ |

આમ, ઉપર મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ફરીયાદ પક્ષ તરફે રજુ થયા બાદ ફરીયાદ પક્ષ તરફે આંક–૨૫ ની પુરશીસ રજુ કરી વધુ પુરાવો તપાસવા માંગતા નથી તેવું જાહેર કરતાં, ફરીયાદ પક્ષ તરફે વિશેષ પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવો વંચાણે લેતા આરોપીનું સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો ન હોઈ નોંધવામાં આવેલ નથી અને ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળી તેમજ આરોપી તરફે તેમના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૫) ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એ સાબિત કરે છે કે, આ કામના તહોમતદારે પોતાની ટ્રક નં.જી.જે.બી.ડબલ્યુ.૩૬૧૫ ના ચાલકે પોતાની ટ્રક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ફરીયાદીના માતા નાડોદા કુવરબેનને કપાળના ભાગે તથા કમરના ભાગે ગંભીર ઈજાઓ કરી ટકકર મારી મોત નિપજાવી પો.સ્ટે. ખબર નહી આપી ગુનો કરી, ઇ.પી.કો.કલમ–૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે **?**

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયોના કારણો નીચે મુજબ છે : –

**: : કારણો : :**

(૭.૧) **મુદ્દા નં.૧ :** આ કામે ફરીયાદ પક્ષ તરફે અશોકભાઈ લક્ષ્મણભાઈને આંક–૧૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તેમની ગેરેજ ઉપર સમી મુકામે આજથી એક વર્ષ પહેલા હતા ત્યારે કમાભાઈનો ફોન આવેલ અને ફોન ઉપર તેમને જાણ કરેલ કે, તમારી માતાનો વરાણા પાટીયા પાસે અકસ્માત થયેલ છે, તેઓ ગેરેજ થી પ્રાઈવેટ વાહનમા વરાણા પહોચેલો ત્યારે એક ટ્રક પડેલ હતો અને બાજુમા તેમની માતા રોડ ઉપર બાજુમાં નીચે પડેલ હતા. તે વખતે હાજર માણસોએ ૧૦૮ મા ફોન કરેલો અને ૧૦૮ આવી, તેમની માતાને સમી સરકારી દવાખાને લઈ ગયેલા, ત્યાંથી ડોકટરે તેમની માતાને ધારપુર રીફર કરેલા. ધારપુર જતા તેમની માતાએ તેમને જણાવેલ કે, તેઓ વરાણા પાટીયા બસ સ્ટેશન પાસે પાલીપુર જવા બેઠેલ હતા ત્યારે પાલીપુર જવા એક બસ આવતા રોડ ક્રોસ કરતી વખતે રાધનપુર તરફથી ટ્રક આવેલી અને અકસ્માત કરેલ છે. ધારપુર સારવાર દરમ્યાન તેમની માતાનુ મરણ થયેલુ, જે લગત તેઓએ બીજા દીવસે તેમની માતાના અંતિમ સંસ્કાર કરી, ફરીયાદ આપેલી. જે ફરીયાદમાં તેમની સહી છે. જે ફરીયાદ આ કામે આંક–૧૮ થી રજુ છે.

સદર ફરીયાદી તેમની જુબાનીમાં ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોઈ જેથી વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવાની પરવાનગી માંગતા, પરવાનગી આપતા, ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવા છતાં ફરીયાદ પક્ષની

હકીકતને સમર્થન મળે તેવી કોઈ જ હકીકત જણાવતા નથી.

જ્યારે ફરીયાદીની બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,બનાવ તેઓએ નજરે જોયેલ નથી, બનાવવાળી જગ્યા હાઈવે રોડ આવેલ છે અને સતત વાહનોની અવર જવર રહે છે, તેમના મમ્મી ૭૦ વર્ષના હોઈ, તેમને આંખે ઓછુ દેખાતુ હતુ અને કાનથી ઓછુ સંભળતા હતા, ગાડીનો નંબર તેઓએ લોકોના કહેવાથી લખાવેલો, તેઓને વીમા કલેઈમની રકમ મળી ગયેલ છે.

(૮) આ કામે ફરીયાદ પક્ષ તરફે સાહેદ લક્ષ્મણભાઈ રામસંગભાઈ નાડોદાને આંક–૧૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તેમના ઘરે હતા તે વખતે તેમના દીકરાની વહુએ જણાવેલ કે, ફોન આવેલ છે અને આપણા બા કુંવરબેનને અકસ્માતમાં ઈજા થયેલ છે. મારા દીકરાઓ તેમને લઈને હોસ્પીટલે લઈ ગયેલા અને તેઓ પણ પાછળથી હોસ્પીટલે ગયેલા, ધારપુર તેમની સારવાર કરેલ હતી, તે પછી તેમનુ મરણ થયેલુ. પોલીસ તેમનું નિવેદન લીધેલુ.

સદર સાહેદ તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખતા ના હોય જેથી વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવાની પરવાનગી માંગતા, પરવાનગી આપતા, ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવા છતાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન મળે તેવી કોઈ જ હકીકત જણાવતા નથી.

જયારે સદર સાહેદની બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સદર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી, બનાવવાળી જગ્યા હાઈવે રોડ આવેલ છે અને સતત વાહનોની અવર જવર રહે છે, તેમના મમ્મી ૭૦ વર્ષના હોઈ, તેમને આંખે ઓછુ દેખાતુ હતુ અને કાનથી ઓછુ સંભળતા હતા, ગાડીનો નંબર તેઓએ લોકોના કહેવાથી લખાવેલો, તેઓને વીમા કલેઈમની રકમ મળી ગયેલ છે.

(૯) આ કામે ફરીયાદ પક્ષ તરફે સાહેદ જલાભાઈ લક્ષ્મણભાઈને આંક-૨૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તેમના ખેતરમાં હતા ત્યારે સમી મુકામે આજથી એક વર્ષ પહેલા હતો ત્યારે કમાભાઈનો ફોન તેમને આવેલ અને ફોન ઉપર તેમને જાણ કરેલ કે, તમારી માતાનો વરાણા પાટીયા પાસે અકસ્માત થયેલ છે, તેઓ ગેરેજ થી પ્રાઈવેટ વાહનમા વરાણા પહોચેલા ત્યારે એક ટ્રક પડેલ હતો અને બાજુમા તેમની માતા રોડ ઉપર બાજુમાં નીચે પડેલ હતા. તે વખતે હાજર માણસોએ ૧૦૮ મા ફોન કરેલો અને ૧૦૮ આવી, તેમની માતાને સમી સરકારી દવાખાને લઈ ગયેલા, ત્યાંથી ડોકટરે તેમની માતાને ધારપુર રીફર કરેલા. ધારપુર જતા તેમની માતાએ તેમને જણાવેલ કે, તેઓ વરાણા પાટીયા બસ સ્ટેશન પાસે પાલીપુર જવા બેઠેલ હતા ત્યારે પાલીપુર જવા એક બસ આવતા રોડ ક્રોસ કરતી વખતે રાધનપુર તરફથી ટ્રક આવેલી અને અકસ્માત કરેલ છે. ધારપુર સારવાર દરમ્યાન તેમની માતાનુ મરણ થયેલુ, જે લગત તેઓએ બીજા દીવસે તેમની માતાના અંતિમ સંસ્કાર કરી,તેમના ભાઈએ ફરીયાદ આપેલી. પોલીસે તેમનો

જવાબ લીધેલો.

સદર સાહેદ તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખતા ના હોય જેથી વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવાની પરવાનગી માંગતા, પરવાનગી આપતા, ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવા છતાં ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન મળે તેવી કોઈ જ હકીકત જણાવતા નથી.

જયારે સદર સાહેદની બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સદર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી, બનાવવાળી જગ્યા હાઈવે રોડ આવેલ છે અને સતત વાહનોની અવર જવર રહે છે, તેમના મમ્મી ૭૦ વર્ષના હોઈ, તેમને આંખે ઓછુ દેખાતુ હતુ અને કાનથી ઓછુ સંભળતા હતા, ગાડીનો નંબર તેઓએ લોકોના કહેવાથી લખાવેલો, તેઓને વીમા કલેઈમ ની રકમ મળી ગયેલ છે.

(૧૦) આ કામે ફરીયાદ પક્ષ તરફે સાહેદ લીલાબેન બચુભાઈને આંક–૨૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેમની કાકી સાસુ પુનમબેન બે વર્ષ પહેલા અકસ્માત થતા ગુજરી ગયેલા અને તેમનુ ધારપુર સારવારમાં મરણ ગયેલ હોઈ, તેમનુ પી.એમ. કરાવવા તેઓ પાટણ હોસ્પીટલે ગયેલા ત્યાં પોલીસ આવેલી, તેઓએ તેમના શરીર ઉપરની ઈજાઓ લખાવેલી, પોલીસે તે ઈજા લખી લીધેલી. ત્યાર બાદ પંચનામાની વિગતે તેમની સહી લીધેલી. જે પંચનામુ સામાપક્ષે કબુલ મંજુર હોઈ, કોઈ

વાંધો નથી. જે આ કામે આંક–૨૨ થી રજુ છે.

જયારે સદર સાહેદની બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સદર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી, બનાવની તેમને કોઈ જાત માહીતી નથી.

(૧૧) આ કામે ફરીયાદ પક્ષ તરફે આંક–૧૮ થી ફરીયાદ, આંક–૨૨ થી મરણોત્તર પંચનામું, આંક–૨૩ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું, આંક–૨૪ થી શબ પરીક્ષણ ચાદી ને આંકે પાડવા સામે વાંધો નથી તેવા આરોપીના વિ.વ.શ્રીના શેરા સાથે રજુ થયેલ છે, જે વંચાણે લીધા.

(૧૨) આમ, ફરિયાદી કે સાહેદો બનાવ નજરે જોયેલ નથી. બનાવવાળી જગ્યા એ હાઇવે રોડ ઉપર આવેલ છે અને ત્યાં સતત વાહનોની અવર જવર રહેતી હોય છે. તેમના પુરાવામાં આ કામના આરોપીએ પોતાની ટ્રક નં.જી.જે–૧૨–બી.ડબલ્યુ–૩૬૧૫ તે પૂર ઝડપે તેમજ ગફલત ભરી રીતે હંકારી ફરીયાદીના માતા નાડોદા કુવરબેનને કપાળના ભાગે તથા કમરના ભાગે ગંભીર ઈજાઓ કરી ટકકર મારી ઈજા પહોંચાડી મૃત્યુ નિપજાવી,તેવી હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

(૧૩) વધુમાં, ક્રિમીનલ જયુરીસપ્રુડન્સનો સિધ્ધાંત છે કે, ફરિયાદ પક્ષે આરોપી વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો જોઈએ. જે સિધ્ધાંત મુજબ આરોપી વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે સાબિત થયેલ ન હોય, આરોપીને સજા કરી શકાય નહી તેવા મંતવ્ય ઉપર આવીને ફરીયાદપક્ષ મુદ્દા નં.૧ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ

ગયેલ હોવાનું ઠરાવી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપીને મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– – : :આખરી હુકમ : : – –**

(૧) આ કામના આરોપી ઉમારામ હનુમાનરામ સારણ(જાટ),ઉ.વ.ર૩, રહે : નેતરાડ, તા.ચોહટન, જી.બાડમેર,રાજય.રાજસ્થાવાળાને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ– ર૫૫(૧) અન્વયે ઇ.પી.કો.કલમ–ર૭૯, ૩૦૪(અ),૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટ ની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(ર) આરોપીઓના ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબના અપીલ સમય સુધી જુના/નવા જામીન સ્વીકારવામાં આવે છે. આ હુકમ આજ **તા.ર૭મી,** માહે **જુલાઇ ,** સને **ર૦ર૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ર૭/૦૭/ર૦ર૬ (મનેષકુમાર મોહનલાલ શુકલ)

સ્થળ : સમી. એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,

સમી.

UIC No.GJ 01090